# હું મારા એક અંશ માત્રથી સમગ્ર જગતને ધારણ કરીને ઉભો છું

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૫

વિશ્વના ૧૧૩ દેશના ૧૦ હજાર વૈજ્ઞાનિકો અને ખરબો રૂપિયાના ખર્ચે શોધાયેલા તેમજ ભારે ઉત્તેજના જગાડનાર ગોડ પાર્ટીકલ-ઈશ્વરીય કણ વિષે ભારતના ઋષિ, બ્રહ્મસૂત્રો અને યોગવેત્તાઓ શું કહે છે તે પણ જાણવું રોમાંચક બનશે.



ભારતીય ઋષિઓ કહે છે કે એક તત્વને અનેક રૂપ ધારણ કરવાની એટલે કે એકોહમ બહુસ્યામ થવાની ઈચ્છા થતાં આ અનંત બ્રહ્માંડની રચના થઈ છે. વૈજ્ઞાનિકો આજે તેને બીગ બેંગ કે મહા વિસ્ફોટની થિયરી કહે છે.

વિકસતી જાતિ કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ કે.જી.વણઝારાએ ગીતાના શ્લોક અને એકત્ર કરેલી માહિતી પ્રમાણે અનંત કોટિ બ્રહ્માંડના વિસ્મયકારક અનંત રૂપોના પાયામાં પાર્ટીકલ રહેલો છે તેવા તારણ ઉપર વૈજ્ઞાનિકો આવ્યા છે પરંતુ પાંચ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું હતું કે ઈશ્વર સર્વજ્ઞ, બધાંનો નિયંતા, બધાંનું ધારણ પોષણ કરવાવાળો, અચિંત્યં સ્વરૂપ, સૂર્યની જેમ નિત્ય ચેતન અને પ્રકાશરૂપ તેમજ અણુનો પણ અણુ છે.

અણુ એટલે કે એટમ. તેમાં પણ ઈલેક્ટ્રોન, ન્યૂટ્રોન અને પ્રોટોન રહેલા છે. આ પરમાણુઓને તોડીને જે હીગ્સ બોઝોન નામનો અતિ સૂક્ષ્મ પરમાણું શોધ્યાનો દાવો થયો છે તે વાત કૃષ્ણએ લાખો વર્ષ પહેલાં કરી હતી. ગીતામાં કૃષ્ણ કહે છે કે આ જ્ઞાન મેં સૌ પ્રથમ સૂર્યને કહ્યું હતું. સૂર્યએ તેના પુત્ર વૈવત્સત મનુને, મનુએ તેના પુત્ર રાજા ઈક્ષ્વાકુને કહ્યું હતું, તે જ પુરાતન જ્ઞાન આજે હું અર્જુન તને કહું છું.

વૈજ્ઞાનિકો એ તારણ પર આવ્યા છે કે ઈશ્વરીય કણ દ્વારા સર્વ જતન વ્યાપ્ત છે અને સર્વત્ર આ પાર્ટીકલનું સામ્રાજ્ય ફેલાયેલું છે. ગીતામાં કહેવાયું છે કે જેની અભિવ્યક્તિ મૂર્તિ દ્વારા ન થઈ શકે તેવા મારાથી આ સમગ્ર જગત વ્યાપ્ત અને પરિપૂર્ણ છે. આ પાર્ટીકલ ગોડ જડ અન ચેતન, સ્થાવર અને જંગમ તેમજ બહાર અને અંદર સર્વત્ર વ્યાપ્ત છે.

ગીતાના દસમા અધ્યાયમાં અર્જુને કૃષ્ણને તેમનું ઐશ્વર્ય અને વિભૂતિઓનું વર્ણન કરવા પ્રાર્થના કરતાં ભગવાને કહ્યું હતું કે તુ જે કંઈ ઐશ્વર્યયુક્ત, કાન્તિયુક્ત અને શક્તિયુક્ત જુએ છે તે મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલું છે. હું મારા એક અંશ-કણ માત્રથી સમગ્ર જગતને ધારણ કરીને ઉભો છું.

કૃષ્ણએ અર્જુનને બતાવેલું વિરાટ સ્વરૂપ આ જ ઈશ્વરિય કણનો વિસ્તાર છે તેમ પ્રસ્થાપિત થાય છે. આઈનસ્ટાઈન પછીના વિખ્યાત વિજ્ઞાની સ્ટીફન હોકીન્સે સમગ્ર જગતની રચનાને ભવ્ય અને પરિપૂર્ણ ડિઝાઈન તરીકે વર્ણવ્યું છે. આ જ વાત ઉપનિશદના શ્લોક પૂર્ણમદ... પૂર્ણમિદં...માં છે. ભારતીય દર્શનશાસ્ત્રો, પૂરાણો, વેદો, ઉપનિશદો, મહાભારત, રામાયણ અને ભગવદ ગીતા અનેક આખરી વૈજ્ઞાનિક સત્યોથી ભરેલાં છે.

જીનિવામાં સર્ન લેબોરેટરીમાં જણાયેલા ઈશ્વરીય કણ આખરી સત્ય છે કે કેમ તે તો સમય જ કહેશે. ઋષિમુનીઓએ કહેવું પડ્યું હતું કે નેતિ નેતિ... આઈનસ્ટાઈન પણ નેતિ...નેતિ... કહી ચૂક્યા છે, કારણ કે વિલક્ષણ ઈશ્વરીય તત્વ લેબોરેટરીમાં પકડાઈ જાય તેટલું સસ્તુ નથી છતાં આ પ્રયોગ કરનારા વૈજ્ઞાનિકોને સલામ છે.

**ગોડ પાર્ટીકલ માટે વિશ્વના ૧૦ હજાર વૈજ્ઞાનિકો મચી પડ્યા છે ત્યારે ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણએ આ સત્ય કહ્યું હતું જે આજે યથાર્થ છે**

# ગાંધીનગરમાં વાદળો ઘેરાયાં, ...વરસ્યાં નહિ

ગાંધીનગર, તા. ૫

મંગળવારે રાત્રે વરસાદ પડ્યા બાદ અટકી ગયેલો વરસાદ પુનઃ વરસવાનું નામ લેતો નથી. જેના પરિણામે વાતાવરણમાં ભારે ઉકળાટ છે.



ગાંધીનગરાઓ એપ્રિલ-મેની તીખી ગરમી અને તડકામાં અકળાયા ન હતા તેટલી અકળામણ હાલમાં અનુભવી રહ્યા છે. વરસાદી ઝાપટુ પડ્યા બાદ પુનઃ મેઘરાજાએ દર્શન ન દેતા બફારાથી સૌ કોઈ અકળાઈ ગયા છે. છેલ્લા બે દિવસથી આકાશમાં ઝળુંબાઈ રહેલા વાદળો જોઈ સૌ કોઈને આશા બંધાય છે કે હમણાં વરસાદ પડશે પરંતુ મેઘરાજાની કૃપા ઉતરતી નથી. પવન સાવ બંધ થઈ જતાં રાત્રે પણ જરાય ઠંડક અનુભવાતી નથી. મન મુકીને વરસાદ પડશે તે પછી જ ઠંડક થશે. જો કે વરસાદી માહોલ છવાતા તાપમાનનો પારો ૩-૪ ડિગ્રી નીચે ઉતરી ગયો છે. આજે મહત્તમ તાપમાન ૩૪.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૭.૮ ડિ.સે. નોંધાયું હતું. ભેજનું પ્રમાણ ઉંચુ રહ્યુ હતુ. સવારે ભેજ ૮૫ ટકા અને સાંજે ૬૫ ટકા રહ્યું હતું. ભેજ વધુ રહેતા ઉકળાટ ખુબ અનુભવાયો હતો. વસાહતીઓ પરસેવે ન્હાઈ ગયા હતા. ઘરોમાં અને ઓફિસોમાં એ.સી.નો ઉપયોગ વધી ગયો છે. આજે સાંજે શહેરના આકાશમાં વાદળો ઘેરાયા હતા અને કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યા હતા. પરંતુ વરસાદ વધ્યો ન હતો ઉલ્ટુ સાવ અટકી જતા વસાહતીઓને પુનઃ નિરાશા પ્રાપ્ત થઈ છે.

**દિવસભર ભારે ઉકળાટભર્યો માહોલ**

જો કે હવામાન વિભાગે વરસાદ હજુ પડશે તેવી આશા બંધાવી રાખી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક સ્થળોએ વરસાદ પડ્યો છે. અને ખેડૂતોએ વાવણી પણ શરૂ કરી દીધી છે. ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના ખેડૂતો વધુ વરસાદની આશા રાખી રહ્યા છે.

# ઘ-૩ બાદ હવે ચ-૩ સર્કલ ખુંદાશે પાઈપલાઈનનું કામ હાથ ધરાશે

**પાઈપલાઈનની કામગીરી બાદ તંત્ર સમારકામ કરશે**

ગાંધીનગર, તા. ૫

ઘ-૩ સર્કલ બાદ પાણીના પાઈપલાઈનની કામગીરીને અનુલક્ષી હવે ચ-૩નું સર્કલ પણ ખોદાશે. થોડા સમય અગાઉ સર્કલમાં ટ્રક ઘુસી ગયા બાદ ઉજ્જડ બનેલા સર્કલનું સમારકામ પાઈપલાઈનની કામગીરી બાદ હાથ ધરાશે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે પાણીની પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સે. ૫-ડીમાં નવીન પાણીની ટાંકી બનાવવા ઉપરાંત જૂની પાઈપલાઈન દૂર કરી રૂટમાં નવી લાઈન નાંખવાની કામગીરી પૂર્ણતાના આરે છે. જેને અનુલક્ષી બે ત્રણ દિવસ પૂર્વે ઘ-૩ સર્કલમાં જરૂરી ખોદકામ હાથ ધરવામાં આવ્યું હતું. પાઈપલાઈન સંભવિત ખોદકામગીરી દરમિયાન મુખ્યમાર્ગ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા જ્યારે કામગીરીના અંતે હરિયાળુ સર્કલ પણ પણ ઉજ્જડ બનતા તંત્ર દ્વારા હાલ સર્કલનું સમારકામ હાથ ધરાયું છે. જ્યારે આગામી દિવસોમાં ચ-૩ સર્કલ પણ ખુંદાશે. પાઈપલાઈનના કામ સંદર્ભે ખોદકામ હાથ ધરાશે. થોડા સમય અગાઉ ટ્રક અકસ્માતમાં સર્કલને નુકશાન થયા બાદ હજુ યથાવત સ્થિતિમાં છે.જ્યારે પાઈપલાઈનની કામગીરી બાદ તંત્ર દ્વારા ચ-૩ સર્કલનું સમારકામ હાથ ધરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# કે.કૈલાસનાથન વાયબ્રન્ટ સમિટ માટેના વિદેશ પ્રવાસે નહીં જાય

ગાંધીનગર, તા.૫

ગુજરાતના મુખ્યમંત્રીના અગ્રસચિવ કે.કૈલાસનાથન કોઈ કારણોસર વિદેશ પ્રવાસે જવા માગતા નથી. તેમની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળમાં હવે બીજા કોઈ અધિકારીને સામેલ કરવા પડશે.



વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩ને સફળ બનાવવાના ભાગરૂપે રાજ્યના ઉચ્ચ અધિકારીઓની કુલ ૧૧ ટીમોને વિવિધ દેશોમાં પ્રેઝન્ટેશન અને પ્રમોશન માટે મોકલવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મુખ્યમંત્રીના અગ્રસચિવ કે.કૈલાસનાથન યુકે, બેલ્ઝિયમ અને નેધરલેન્ડના પ્રવાસે જવાના હતા.

અમેરિકા પછી આ ત્રણેય કન્ટ્રી એવાં છે કે જ્યાં એનઆરઆઈ અને ગુજરાતી લોકોની વસતી વધારે છે. ઓટો, ફુડ પ્રોસેસિંગ, પોર્ટ સહિતના વિવિધ ક્ષેત્રો માટે ગુજરાતમાં મૂડીરોકાણ ખેંચી લાવવા આ ટૂર મહત્વની માનવામાં આવે છે.

તેમની આગેવાની હેઠળના પ્રતિનિધિઓમાં સરકારના અધિકારીઓ તેમજ બિઝનેસના રિપ્રેઝન્ટેટીવ્સનો સમાવેશ થાય છે. હવે તેઓ કોઈ કારણોવસાત વિદેશના પ્રવાસે જઈ શકે તેમ નથી તેથી તેઓની જગ્યાએ બીજા અધિકારીને મોકલવા પડશે.

દરમ્યાન ૨૨મી જુલાઈથી પાંચ દિવસ માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જાપાનના પ્રવાસે જઈ રહ્યાં છે.

**યુકે, બેલ્ઝિયમ અને નેધરલેન્ડ જઇ રહેલી ટીમની આગેવાની લેવાના હતા : હવે બીજા કોઇ ઉચ્ચ અધિકારીને મોકલવા પડશે**

# સે. ૨૧ જીમખાનામાંથી મચ્છરોનાં બ્રીડીંગ મળી આવતાં તંત્ર દોડ્યું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની મધ્યમાં સે. ૨૧ ખાતે આવેલ જીમખાનામાં ચાલી રહેલ નવ નિર્માણની કામગીરીના સ્થળેથી આજે મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શહેરના વિવિધ બાંધકામોના સ્થળો પર તંત્ર દ્વારા ગઈકાલથી તપાસ શરૂ કરવામાં આવી છે. આજે સે. ૨૧માં આવેલ જીમખાનામાં ચાલી રહેલ નવીનીકરણની કામગીરીની મુલાકાતે તંત્રના અધિકારીઓ પહોંચ્યા હતા ત્યારે તેમણે આ બ્રિડીંગ જોયા હતા.

આ અંગે કન્સ્ટ્રક્શન કંપનીને તાત્કાલિક પગલાં લેવા માટે તાકીદ કરી હતી તેમજ ચાલી રહેલ કામગીરીમાં રોકાયેલા મજૂરોના સ્કેનીંગની કામગીરી તંત્રએ હાથ ધરી હતી.

આ બાંધકામ સાઈટ પર એકસો પચ્ચીસથી વધુ મજૂરો કામ કરતા હોવાનું જાણવા મળેલ છે. ગઈકાલે તંત્રએ ચાર જેટલી સાઈટો પર ચકાસણીની કામગીરી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# યુનિ.ના જોડાણ અંગેની તપાસ માટે ટીમે કામગીરી પૂરી કરી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મેડીકલ કોલેજના જોડાણ અંગે ગુજરાત યુનિ.ના ત્રણ સિનીયર તબીબોની એક ટીમ તપાસ માટે કોલેજમાં આવી હતી. આ ટીમે આજે કેમ્પસ સહિત કેટલીક જરૂરી વિગતોની ચકાસણીની કામગીરી કરી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ડૉ. કલ્પેશ શાહ, ડૉ. ગોવિંદભાઈ પરમાર, ડૉ. પંકજભાઈ પટેલની બનેલી ટીમે સ્ટાફ, સુવિધા અને અન્ય પાસાંઓની તપાસ આજે કરી હતી.

હવે આ ટીમ પોતાનો અહેવાલ એકાદ બે દિવસમાં યુનિ. સત્તાવાળાઓને આપશે તે પછી યુનિ. સાથેનું જોડાણ આપવા અંગેનો આખરી નિર્ણય લેવામાં આવશે.

આગામી શૈક્ષણિક સત્રથી ગાંધીનગર મેડીકલ કોલેજ શરૂ કરવા અંગે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મંજૂરી આપી છે. હવે મંજૂરીની આ તપાસ પૂર્ણ થતાં તમામ પ્રક્રિયાઓ સંપન્ન થઈ જવા પામી છે.

બીજી તરફ ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓએ ફીના માળખાને લઈ પણ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ પોતાની અરજી આપી દીધી છે. સુચિત દરખાસ્તમાં અન્ય કોલેજો જેટલી જ અર્થાત રૂ. ૨.૫૦ લાખ જેટલી વાર્ષિક ફી રાખવાની દરખાસ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને ૧૫૦ બેઠકોની મંજૂરી મળી છે. આ કોલેજમાં સરકારના તમામ નીતિ નિયમોનું તેમજ કાઉન્સીલના નીતિ નિયમોનું પાલન કરવાની ખાત્રી સંચાલકોએ આપી દીધી છે. હવે આગામી ઓગષ્ટથી આ કોલેજ કાર્યરત થઈ જશે.





જાળવણી અને સાચવણીમાં આ નગરનું વ્યવસ્થાતંત્ર નબળું છે એવાં ગાણાં અનેકવાર લોકોએ, સંસ્થાઓએ ગાયાં છે અને અખબારોએ પણ. અને એ બાબતના અનેક પરચા દિન-પ્રતિદિન મળતા જ રહે છે. સૅક્ટર-૨૧ના ચ ટાઈપના મકાન નં. ૧૧૧/૧માં દુર્ગંધ મારતું પાણી આવતાં વસાહતીઓ માટે વળી નવી સમસ્યાનું સર્જન થયું હતું. તસવીરમાં મકાન અને ત્યાં આવેલું અત્યંગ દુર્ગંધ મારતું ગંદું પાણી જોઈ શકાય છે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસની બેઠક મળી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના મહાસચિવશ્રી આશાબેન શર્મા અને પ્રદેશમાંથી આવેલ પ્રભારી શ્રી જયશ્રીબેન શાહની હાજરીમાં જિલ્લા કારોબારી ગાંધીનગર શહેર અને જિલ્લાની જાહેર કરી આ મિટીંગમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી. આશાબેન સર્માએ સંગઠન અંગેની વિસ્તૃત ચર્ચા કરી હતી અને આગામી સમયમાં સંમેલન, શિબિર અને કાર્યક્રમોની માહિતી આપી. જેને મહિલા મોરચોએ કરવાના છે. આ મિટીંગમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડૉ. સી.જે. ચાવડા, જિલ્લા સંકલન સમિતિના ચેરમેનશ્રી જશુભા રાણા, શ્રી દિલીપભાઈ પટેલ વગેરેએ હાજર રહી માર્ગદર્શન આપેલ.

આ મિટીંગનું સંચાલન મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રી હિનાબેન પટેલ તથા શહેર કોંગ્રેસના પ્રમુખ પ્રેમબા હાડાએ કર્યું હતું.

# સે. ૧૬ બ્રહ્મભવન ખાતે આજે સ્વામી સચ્ચિદાનંદ પધારશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૧૬માં આવેલા સોમનાથ મહાદેવ મંદિર અને આકાર પામી રહેલા બ્રહ્મભવન ખાતે આવતીકાલે તા. ૭ જુલાઈને શનિવારના રોજ સ્વામી સચ્ચિદાનંદ પધારવાના છે.



સોમનાથ મહાદેવના દર્શન કરવા માટે સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન ખાતે આવતીકાલે આવશે ત્યારે ગાંધીનગરના બ્રહ્મ બંધુઓને ઉપસ્થિત રહેવા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પીનાકીન રાવલે જણાવ્યું છે.

# દ્વિચક્રી વાહનો માટે ૧૧ જુલાઈથી નવી સી.બી. સીરીઝ

**પસંદગીના નંબર માટે ૧૧મીએ જાહેર હરાજી યોજાશે**

ગાંધીનગર, તા. ૫

દ્વીચક્રી વાહનો માટે આગામી તા. ૧૧ જુલાઈથી નવી સીરીઝ શરૂ થશે. આર.ટી.ઓ. કચેરીમાં હાલ જી.જે-૧૮-સી.એ. સીરીઝ ઉપરાંત હવે સી.બી. સીરીઝ શરૂ કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા માટે વાહન નોંધણી બાદ ૧૦ જુલાઈ સુધીમાં અરજી કરવા જણાવાયુંછે. જ્યારે ૧૧ જુલાઈના રોજ આર.ટી.ઓ. કચેરી ખાતેબપોરે ૧૨ કલાકે જાહેર હરાજીની પ્રક્રિયા હાથ ધરાશે.

આર.ટી.ઓ. કચેરી દ્વારા મોટર સાયકલના નંબરો માટે હવે નવી જીજે-૧૮-સી.બી. સીરીઝ શરૂ કરવામાં આવનાર છે. નવી સીરીઝના વાહનોમાં પસંદગીનો નંબર મેળવવા વાહન માલિકોને વાહનોની નોંધણી કરાવીને તા. ૯ અને ૧૦ જુલાઈ સુધીમાં આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરવા જણાવાયુંછે. સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ આ અંગે વધુમાં જણાવ્યુંછે કે સરકારના તા. ૮ જૂન વર્ષ ૨૦૧૨ના પરિપત્ર અનુસાર પસંદગીનો નંબર મેળવવા માટેની ફી રૂ. ૧ હજાર કરવામાં આવી છે. જ્યારે પસંદગીના નંબર ફાળવવાની પદ્ધતિમાંપણ ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુખ્ય વાહનમાલિકોએ તેમની અરજી સાથે રાષ્ટ્રીયકૃત બેંકમાંથી ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને અરજી સાથે બંધ કવરમાં આપવાનો રહેશે. એક અરજી માટે એકથી વધારે ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારવામાં આવશે નહી. જ્યારે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા સૌથી વધુ ફી ભરપાઈ કરી હશે તેની અરજી માન્ય રાખી પસંદગીનો નંબર ફાળવવામાં આવશે. પસંદગીના નંબરની હરાજી પ્રક્રિયામાં વાહન જેના નામે રજીસ્ટર્ડ થયું હોય તે કંપનીના પ્રતિનિધિ અથવા વાહન માલિકે હાજર રહેવુંપડશે.

# અંબાજીની અખંડ જ્યોત સોમનાથ મંદિરમાં ભેળવાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૧૬માં નવનિર્મિત સોમનાથ મહાદેવ મંદિરમાં ગઈકાલે અંબાજીથી લાવવામાં આવેલી અખંડ જ્યોત ભેળવવામાં આવી છે. આ અંગે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના કનૈયાલાલ પંડ્યાએ જણાવ્યું હતું કે, સમસ્ત બ્રહ્મસમાજના કાર્યકરો અંબાજી માતાના ધામ ગયા હતા અને ત્યાંથી અખંડ જ્યોત ગાંધીનગરના સોમનાથ મહાદેવ મંદિરમાં લાવ્યા છે જે અહીંની જ્યોતમાં ભેળવી દેવામાં આવી છે. ગઈ રાત્રે જ્યોતના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

**બુધવારની રાત્રે જ્યોતનું ભવ્ય સ્વાગત કરાયું**







TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com

ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# કલાને કોઈ નિશ્ચિત નિયમ નથી હોતા

# કલા એટલે સ્વતંત્રતા અને કલ્પના

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૮

'કલાને કોઈ નિશ્ચિત નિયમ નથી હોતા, કલા એ તો સ્વતંત્રતા છે, કલા એ તો કલ્પના છે. અલબત્ત, કલા અને તેના પ્રદર્શનમાં પણ મર્યાદા જળવાવી જોઈએ. માત્ર કલામાં નહીં, જીવનના દરેક ક્ષેત્રમાં અતિરેક ન હોવો જોઈએ.'

હિન્દી ફિલ્મોના ખ્યાત સર્જક ગોવિંદ નિહલાનીએ આજે આ શબ્દો ગાંધીનગરમાં ઉચ્ચાર્યા હતા.

ગાંધીનગરના પાદરે સ્થિત સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝનના ઉપક્રમે આજથી આરંભાયેલા ત્રણ દિવસના સાહિત્યોત્સવ અંતર્ગત પ્રથમ દિવસના અંતિમ સત્રમાં ગોવિંદ નિહલાની સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન તેમણે પોતાની આ લાગણી વ્યક્ત કરી હતી.

ગોવિંદ નિહલાની દ્વારા નિર્દેશિત ત્રણ ફિલ્મો 'તમસ', 'હજાર ચૌરાસી કી મા' અને 'પાર્ટી'ના સંદર્ભે આ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્તાલાપ દરમ્યાન 'તમસ' ફિલ્મની બે ક્લિપ્સ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેને લગતા પ્રશ્નો પણ વાર્તાલાપના અંત ભાગમાં શ્રોતાઓએ ગોવિંદ નિહલાનીને પૂછ્યા હતા અને ગોવિંદજીએ બહુ સરળતાથી ને સંતોષકારક રીતે તેના જવાબો પણ આપ્યા હતા.

અનવર જમાલ દ્વારા ઈન્ટવ્યૂના પરિપ્રેક્ષ્યમાં આ વાર્તાલાપનું સંચાલન કરવામાં આવ્યું હતું, તેમના દ્વારા વાર્તા, સંગીત, કૅનવાસ, ફિલ્માંકન વગેરે પાસાઓને લગતા સવાલો ગોવિંદજીને પૂછવામાં આવ્યા હતા અને ગોવિંદજીએ પોતાના અનુભવને આધારે તેના જવાબો આપ્યા હતા.

એક પ્રશ્નનો જવાબ આપતાં ગોવિંદજીએ જણાવ્યું હતું કે, ટૅક્ષ્ટ (શબ્દો, વાર્તા) એ ખાણ છે, જેમાંથી ઘણો મોટો ખજાનો પ્રાપ્ત થાય છે. આ એ ખાણ છે જેમાંથી સર્જકોને મોતી મળે છે. મતલબ કે શબ્દોમાંથી જ સર્જકને દ્રષ્ટિ મળે છે, કલ્પના મળે છે, વસ્ત્ર પરિધાન, કલર, આર્કીટેક્ચરલ ઍલિમેન્ટ, કૅનવાસ વગેરેની કલ્પના મળે છે. પોતાનું સર્જન કેવું થશે એ આખું ચિત્ર સર્જકને શબ્દોથી જ મળી જાય છે. માટે શબ્દો એ ખાણ છે એ યાદ રાખવું જોઈએ.

આર્ટ ફિલ્મના સંદેશને મજબૂત બનાવવા માટે શું કરવું જોઈએ ? એવા એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે 'વિષય પ્રત્યે પ્રામાણિકતા જાળવવી જોઈએ. વિષયમાં જે સૂર હોય - સુખદ કે દુખદ - એ જાળવવો જોઈએ, એને અનુરૂપ સર્જન કરવું જોઈએ, તો સંદેશને ચૉક્કસપણે મજબૂત બનાવી શકાય.'

'મારી ફિલ્મો વર્તમાન પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં હોય છે. ભલે મેં વાર્તા કોઈ જૂની પસંદ કરી હોય પણ તેનો સંદર્ભ, તેની ઘટના વર્તમાન સાથે સુસંગત હોય એવી જ રીતે મેં સર્જન કર્યું છે' એમ જણાવતાં ગોવિંદજીએ જણાવ્યું હતું કે તેંદુલકરજીની માત્ર ૧૦ પેજની વાર્તા કે જેમાં આદર્શવાદી બાપ અને દીકરાની વાત છે એ પરથી 'અર્ધ સત્ય' ફિલ્મનું સર્જન એમણે કર્યું હતું. મૂળ વાર્તા અનુસાર ત્રણ-ચાર દ્રશ્યો જ ફિલ્મમાં હતાં, બાકી આખી ફિલ્મ કાલ્પનિક હતી. પરંતુ, તેમ છતાં તત્કાલિન ઊભરી રહેલા અન્ડવર્લ્ડ સાથે તે સુસંગત હોવાથી તેને પ્રતિસાદ મળ્યો હતો.

'સાહિત્ય માટે મારો આદર ઘણો વધારે છે અને સાહિત્યની સારી રચના એ ખજાના જેવી છે. એમાંથી ઘણું સારું સર્જન થઈ શકે. હા, એને સમજવી કેવી રીતે, કૃતિ દર્શાવવી કઈ રીતે એ માટેનો દરેકનો દ્રષ્ટિકોણ અલગ હોય છે. પણ તેમ છતાં હું એમ કહીશ કે ઍડોપ્શાન ઈઝ એ ગ્રેટ પ્લેઝર.'

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com